આજની પ્રાર્થના....
સકલ જગત કો આપ
રચાવે સબકા પાલનહારા,
અંદર બાહિર સબ ઘટ
પૂરન, સબસે નિશદિન
ન્યારા, પ્રભુ તેરી મહિમા
પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઈ, ૨૦૨૧, બુધવાર; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ત્રીજી લહેર જાતે નહીં આવે, કોઈ લઈને આવશે

**વડાપ્રધાન મોદીએ પૂર્વોત્તરના રાજ્યોમાં કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરી : હિલ સ્ટેશનો પર વધતી લોકોની ભીડ કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ : ત્રીજી લહેરને અટકાવવા માટે એન્જોયમેન્ટ પણ રોકવું પડશે, હું ખૂબ ભારપૂર્વક કહેવા માંગું છું કે હિલ સ્ટેશનોમાં, માર્કેટોમાં માસ્ક પહેર્યા વગર, ભારે ભીડ ઉમટી પડે છે તે યોગ્ય નથી**

નવી દિલ્હી, તા.૧૩

કોરોનાના કેસોમાં ઘટાડો થતાં લોકડાઉન હળવું કરવામાં આવ્યું છે, પરંતુ પ્રતિબંધો હટાવતા જ લોકો ફરવા નીકળી પડ્યા છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડના હિલ સ્ટેશન્સ પર લોકોની જોરદાર ભીડ જોવા મળી રહી છે. ઉત્તર ભારતના મેદાનો વધુ ગરમી હોવાથી લોકો હિલ સ્ટેશન તરફ વળ્યા છે. આ જગ્યાઓ પર એટલી બધી ભીડ છે કે, કોવિડ પ્રોટોકોલના પણ લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે. મનાલી હોય કે શિમલા, મસૂરી હોય કે નૈનીતાલ... બધા હિલ સ્ટેશનની હાલત એવી જ છે. આવી બેદરકારી જોઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદ લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ચાલો તમને કેટલીક તસવીરો બતાવીએ, જેને જોઈને પીએમ મોદીએ આગળ આવીને લોકોને





અપીલ કરવી પડી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે હું ખૂબ ભારપૂર્વક કહીશ કે હિલ સ્ટેશન, માર્કેટમાં, કોઈ માસ્ક પહેર્યા વિના, પ્રોટોકોલનું પાલન કર્યા વિના એક વિશાળ મેળાવડો છે ... હું સમજું છું કે આ ચિંતાનો વિષય છે, આ યોગ્ય નથી. ઘણી વાર આપણે આવું સાંભળીએ છીએ કે, અરે ભાઈ, ત્રીજી લહેર આવે તે પહેલાં અમે એન્જોય કરવા માંગીએ છીએ. પરંતુ લોકોને એ સમજવું જરૂરી છે કે ત્રીજી લહેર જાતે જ નહીં આવે, કોઈ લાવશે ત્યારે જ આવશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણે કોરોના વાયરસના દરેક વેરિયન્ટ પર નજર રાખવી પડશે. કારણ કે તેના અનેક રૂપ છે. તે વારંવાર પોતાનો રંગ બદલી નાખે છે. આને કારણે તે આપણા માટે પણ પડકારો ઉભા

● અનુસંધાન પાન-૭ પર

## કેબિનેટની કમિટીઓમાં યુવા મંત્રીઓને મહત્વનું સ્થાન

**માંડવીયા-સ્મૃતિ ઇરાની-સિંધિયાનો સમાવેશ**

ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ તેમના પ્રધાનમંડળમાં ફેરબદલ કર્યા છે, જ્યાં કેબિનેટમાં ઘણા નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, ઘણાના મંત્રાલયો બદલાયા છે અને ઘણા મંત્રીઓને પણ બહાર જવાનો રસ્તો બતાવવામાં આવ્યો છે. કેબિનેટમાં આ ફેરફાર પછી હવે કેબિનેટ સમિતિમાં પણ મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. યુવા નેતાઓ કે જેઓને મંત્રીમંડળમાં શામેલ કરવામાં આવ્યા છે અથવા પ્રમોશન આપવામાં આવ્યું છે, તેઓને હવે કેબિનેટ સમિતિઓમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે મનસુખ માંડવીયા, સર્બાનંદ સોનોવાલ અને ભૂપેન્દ્ર યાદવ શામેલ છે.

પર્યાવરણ અને શ્રમ મંત્રાલય સંભાળી રહેલા ભૂપેન્દ્ર યાદવને રાજકીય બાબતોની કેબિનેટ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સાથે બંદર પ્રધાન સર્વાનંદ સોનોવાલ, મનસુખ માંડવીયા, ગિરીરાજ સિંઘને પણ આ સમિતિમાં સ્થાન મળ્યું છે.

## ઈરાકની કોવિડ હોસ્પિટલમાં આગ લાગતાં ૫૦નાં મોત : ૧૨ ઈજાગ્રસ્ત

**હોસ્પિટલમાં ફક્ત ત્રણ મહિના પહેલા જ નવો કોરોના વોર્ડ શરૂ કરાયો હતો જેમાં ૭૦ બેડની વ્યવસ્થા કરાઈ હતી, અકસ્માતમાં ઈજાગ્રસ્તોની હાલત ગંભીર**



બગદાદ,તા.૧૩

ઈરાકની રાજધાની બગદાદની એક હોસ્પિટલમાં આગ લાગવાથી ઓછામાં ઓછા ૫૦ લોકોના મોત થયાના દર્દનાક ખબર છે. કહેવાય છે કે હોસ્પિટલના કોરોનાવોર્ડમાં આ આગ લાગી છે. જ્યાં વાયરસથી સંક્રમિત લોકોની સારવાર ચાલુ હતી. અકસ્માતમાં ડઝનથી વધુ લોકો ઘાયલ થયાના પણ સમાચાર છે. દક્ષિણ બગદાદની અલ હુસૈન ટિચિંગ હોસ્પિટલમાં આ અકસ્માત થયો છે. અધિકારીઓએ જણાવ્યું કે મોટાભાગના લોકોના મોત આગમાં દાઝી જવાથી થયા છે. આ સાથે જ જે લોકો ઈજાગ્રસ્ત છે તેમની પણ હાલત ગંભીર કહેવાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરને રાહુલ ગાંધી મળ્યા

**કોંગ્રેસના નેતાના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં પ્રિયંકા ગાંધી અને કેવી વેણુગોપાલ પણ હાજર રહ્યા હતા**

નવી દિલ્હી, તા. ૧૩

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી છે. રાજકીય ઘટનાક્રમક પ્રમાણે આ મહત્વપૂર્ણ બેઠક રાહુલ ગાંધીના આવાસ પર યોજાઈ છે.

ચર્ચા છે કે રાહુલ ગાંધી અને પ્રશાંત કિશોર વચ્ચે આ પ્રથમ પર્સનલ મીટિંગ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ બેઠક દરમિયાન પ્રિયંકા ગાંધી અને કેવી વેણુગોપાલ તથા પંજાબ પ્રભારી હરીશ રાવત પણ હાજર રહ્યા છે.

અટકળો લગાવવામાં આવી રહી છે કે રાહુલ ગાંધી અને પ્રશાંત કિશોરની બેઠક દરમિયાન પંજાબ ચૂંટણી મુદ્દે ચર્ચા થઈ શકે છે. થોડા મહિના પહેલા પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે પ્રશાંત કિશોરને પોતાના મુખ્ય સલાહકાર બનાવ્યા હતા અને ત્યારબાદ કિશોરે ધારાસભ્યો અને અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી.




अभिनंदन

સહકારથી સમૃદ્ધિ અને સમાજની સેવાના સપનાને સાકાર કરવા સહકાર મંત્રાલય શરૂ કરવા બદલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખુબ ખુબ આભાર...

સહકારી ક્ષેત્રના શિલ્પી માન. અમિતભાઈ શાહને દેશના સર્વ પ્રથમ સહકાર મંત્રાલયનું સુકાન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શ્રી અમિતભાઈ શાહની રાહબરી હેઠળ ગુજરાતની તમામ એપીએમસી ઉન્નત શિખરે પહોંચશે એ જ અભ્યર્થના...

ખેતીવાડી ઉત્પન્ન બનાર સમિતિ, ઊંઝા
ખેતીવાડી ઉત્પન્ન બનાર સમિતિ, વિસનગર
ખેતીવાડી ઉત્પન્ન બનાર સમિતિ, વિજાપુર
ખેતીવાડી ઉત્પન્ન બનાર સમિતિ, કડી
ખેતીવાડી ઉત્પન્ન બનાર સમિતિ, મહેસાણા

સૌજન્ય : એપીએમસી - મહેસાણા